**ફોજદારી કેસ નં. ૧૫૦૬/૧૯૯૪ ના કામે આંક ૧ લગત હુકમ**

**( સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ્ર ગું.ર.નં. ૧૪૩/૧૯૯૪)**

---

નામદાર અમદાવાદ જીલ્લાના અધિકમેજીસ્ટ્રેટશ્રીનાઓએ તેમના ક્રમાંક નં. ડીસી/એડીએમ/ મેટ્રો કોર્ટ/ લોક અદાલત/ ડોરમેટ કેસ પરત/ ૨૦૨૨, તા.૨૪/૦૬/૨૦૨૨ થી કરેલ હુકમ વંચાણે લીધો. ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા આંક ૩૨ થી રજુ પુરશીસ વંચાણે લીધી. ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૩૨૧ ના પ્રબંધ મુજબ હાલનો કેસ પાછો ખેચવાની પરવાનગી આપવામાં આવે છે અને આ કામના આરોપીઓને તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૪૨૭, ૧૧૪ મુજબના ગુનામાંથી છોડી મુકવામાં આવે છે.

સદર કામે આરોપીએ જો જામીનગીરી પેટે રોકડ રકમ કોર્ટમાં જમા કરાવેલ હોય, તો તે રકમ અપીલ સમય વિત્યે સરકાર ખાતે ધારાધોરણસર જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે જો કોઇ મુદામાલ હોય અને તે અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વીત્યે કાયમ કરવામાં આવે છે તેમજ જો કોઇ હુકમ થયેલ ના હોય તો સદર મુદામાલનો અપીલ સમય બાદ ધારા - ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૨૬ માહે : જુન  સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તા.૨૬/૦૬/૨૦૨૨

**(ભદ્રેશ હસમુખલાલ ગાંધી)**

બીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

અમદાવાદ( ગ્રામ્ય )

**જજ કોર્ડ નં.જીજે૦૦૯૫૭**